1979-80 -Narayan Ramji -False Pamplet to Discredit him (603)

ૐ

શ્રી. નારાયણ રામજીનો પ્રતિધ્વની

શ્રી. નારણ રામજી સહ કંપની આદિ સત્પંથ વિરુદ્ધ
લખનારાઓનાં સર્વ લેખો વિષેની છેવટની સૂચના.



શ્રી. નારણભાઈ રામજીભાઈ લીંબાણી
રહેવાસી : મોટીવીરાણી (કચ્છ)

પ્રત ૧૦૦૦ આવૃત્તિ - ૩ સંવત ૨૦૩૬

"મુલ્ય" – મત મેલી સત્યને સોધો.

1979-80 -Narayan Ramji -False Pamplet to Discredit him (603)

ૐ

શ્રી. નારાયણ રામજીનો પ્રતિધ્વની

શ્રી. નારણ રામજી સહ કંપની આદિ સત્પંથ વિરુધ્ધ
લખનારાઓનાં સર્વ લેખો વિષેની છેવટની સૂચના.



શ્રી. નારણભાઈ રામજીભાઈ લીંબાણી
રહેવાસી : મોટીવીરાણી (કચ્છ)

પ્રત ૧૦૦૦ આવૃત્તિ - ૩ સંવત ૨૦૩૬

"મુલ્ય" – મત મેલી સત્યને સોધો.

ૐ

સૂચના

સત્પંથિયોની વિનંતિ -

મી. નારાયણ રામજી આદિ સર્વ લેખકોના લેખોનો સુચના રૂપે વળતો સાદ છે, છેવટનો આ કાંઇ જવાબ નથી. જવાબ લખાઇ તૈયાર થયેલ છે.

❀ ❀ ❀ ❀ ❀

મી. નારાયણજી! તમો વિગેરેનો જવાબ શ્રી નિષ્કલંકી નાથ ની દયાએ લખાયેલ છે. ફક્ત સત્પંથિયોની ફર્માશ આવે છપાશે. તમોને સત્પંથ સમજવું હોય ? તો જયાં સત્પંથિયોની મહાન સભા એકત્ર થવાની હોય ત્યાં જઈ શુધ્ધ શ્રધ્ધાળુ, ચારિત્રશાળી સત્પંથિથી સમજી લેવો ! આમ બળાપા કરે, અને છાપખાનાઓમાં જ છાપાની કકાકૂટ કરે કાંઇ નહિ વળે, આવી મિથ્યા માથાકૂટ સજ્જન પુરૂષો પસંદ કરતા નથી. હમારે પણ થોડા નાસ્તિકોની ગલીચ ભાષાનાં લેખોનો, ના- ચાલતાં ઉઘાડો કરવા જુના પુસ્તકો (પુરાણો) ની નોંધો પ્રગટ કરવી પડે છે. તેથી અન્ય મહાશયોએ એવો અનુમાન ન કરવો, કે અમારા છીદ્રો ઉઘાડે છે ? મી. નારાયણ ! તમારી યુક્તી એટલે ઉંધુચત્તું સમજાવી ભરમાવી ભૂત કરવાની અવનવિન છે, કે પોતાને માથે ફુટતુ ઠીકરૂં બીજાના માથે ઓઢાડી દેવામાં પ્રવિણ છો. આડકતરી રીતે કારસ્થાનો રચી કોમ કોમને વઢાડી મારવામાં કુશળ છો. કોઇ પણ લેખનો સીધ્ધો જવાબ ન દેતાં જગત ભડકાંવી વઢાડવાની કળાજ રચો છો ? વિરા ! શાન્ત થજો ! થોડું લખ્યું ઘણું કરી માનજો ! છેવટ એમા જય નથી.

શ્રી નિષ્કલંકીનાથ સર્વને શુબુધ્ધિ આપો.

લી. શુભેચ્છક

ॐ

મી. નારાયણ રામજીનો પ્રતિ ધ્વની.

वेद्धद्धिः सेवितः सद्धिनित्यम् द्वेष रागिभि : ।।
हृदयेनाभ्युनुज्ञातोयो धर्मस्तंनिबाधत् ।।
-मनुस्मृती

દ્વેષ અને રાગ વિનાના અને વેદોનું રહસ્ય જાણવા વાળા સજ્જન પુરૂષોએ સંશય રહિત હૃદયથી જાણેલો અને વ્યવહારમાં મુકેલો તેજ ધર્મ કહેવાય.

મી. નારાયણ રામજીનો ઘણા વર્ષથી જ્ઞાતિએ બહિષ્કાર કરેલો ત્યારથી જ્ઞાતિ અને ધર્મનો શત્રુ બની ગલીચ ભાષાએ લેખો અને ભાષણોદ્વારા હુમલા કરેજ જાય છે. સત્પંથિયોને ધર્મ આજ્ઞા વાદ વિવાદ માટે મનાઈ કરે છે. સાચો જુઠો ન કરવો વાદ'' એને એ મહાન ઝીત માની રાવણશાહી દેખાડતાં વસ્ત્રનું ભાન પણ ભૂલે છે. તેઓ સહ કંપનીને કેટલીક સૂચનો લેખો વિષે પ્રથમ અપાઈ છે. તેઓનાં લેખોની શયલીનું અનુકરણ કરવામાં આવે તો સભ્યતાનો નાશ થાએજ. જવાબ એક બાજુએ છે, ફક્ત તેમના ઘણા વર્ષની કારકીર્દી નાં છેલ્લા લેખની ઝાંખી કરાવનાર લેખથી તેઓ ભડકી એકદમ ઈલેકટ્રીક પાવરમાં પસાર થઈ, અનેક પ્રકારની ધમકીઓ, બ્હીવરામણીઓ આપવા મંડી પડ્યા. તેથી એ ન ધરાતાં અન્ય કોમોને ''મ્હારી'' શત્રુ બનાવરાવા ઉશ્કેરણી કરી રહ્યા છે, સબુર ! સબુર! હજુ તો આગળ ઘણું છે. આ તો તમારા છેલ્લા વર્ષના રેકર્ડોનું એકજ પોટકું છેટે છુટ્યું છે ! સન્મુખ મુકાયું નથી, તેટલામાં આટલા બેહચક બની મગજ ખોઈ બેઠા ! તો પ્રથમ વિચારી સંગ્રહ કરવું હતુ ? બોલ્યા પછી સાંભળવાનો સમય તો આવે જ ! જ્યારે તમારા અસંખ્ય ગાંસડા પોટલા છાતીએ

ઉકેલાશે, ત્યારે તમારી કેવી સ્થીતી થશે ? તેની દયા આવે છે.

મી. વસંતને ભરમાવી ભૂત કરવામાં આપની જાદૂઈ કળા અવનવિન છે, સત્પંથના ભેદ્દ થવા પ્રશ્ન કરવા પહેલાં "કઠન્નોપનિષન" શ્લો. ૨; વાંચો" તે પ્રમાણે અધિકાર મેળવી પછી આવો, તથા પ્રશ્ન (૩) નો શ્લોક ૨ જૂઓ, કે "બ્રમિષ્ટ" થયા વિના સમજાવી શકાશે નહિ.

સત્પંથ મનુષ્ય માત્ર ભાઈચારે વર્તે તે જોવા ઉદ્દેશે છે, અવતારી પુરુષોને દેશે, જ્ઞાતિ, ભાષાદિ ભેદો તજી સરખા પૂજ્ય મનાવરાવે છે, કોઈને પણ હલકા ભારી નહિ માનવાનું સમજાવે છે, જૂવો અથર્વવેદ કાં. ૧૩ મં. ૧૬-૨૧" "યજુર્વેદ અ. ૨૬ મં. ૨" એને તમે ભયંકર કારસ્થાન માન્યું છે ? ભાષા દેશ, વેષના ખાર વ્હેરે કલેશ ઉપજાવવાની ધાંધલ કરનારા, સુલેહ સંપના ધર્મને માનનારાઓનાં શત્રુ થાયેજ.

તમારી કોમને નિર્માલાદિ દુષ્ટ વિશેષણો આપી વગોવી ઉશ્કેરી જગતની શાન્તીનો ભંગ કરવા ઈચ્છો છો, તેજ તમારી કોમનું ભયંકર દ્રોહ કરી રહ્યા છો. નાટકો સીનેમાઓમાં બોધદાયક ચારિત્રો દોરી સંપને સુધારાનો પ્રચાર કરે છે, તેથી કલ્હે પીપાશુઓનાં પોકળ પાધરા થઈ જાય છે. જેથી તેઓ તેને ધિક્કારે છે.

સત્પંથ કોઈ પણ દેવની નિંદા કરવા કહેતોજ નથી. તેનો સર્વ દેવને નમસ્કારનો મહાન સુત્ર પ્રગટ છે. તે સર્વ પવિત્ર પુરૂષોને સરખા મનાવનાર હોવાથી દ્વેષિઓ તેને ભેળશેળીઓ, અર્ધદગ્ધાદિ નામો આપી નિંદા કરે છે. સત્પંથ જીવદયા ઉત્તમ પ્રકારે પળાવે છે, " માર કહ્યા નો દોષ છે, માર કહેતાં મરી જાય. જીવહિંસા કર્યાનો પાપ છે, તે જીવન નીચે નરકે જાય" "મુખથી માર ના કહેવું લગાર." " લીલું ઝાડના ભાંગવું પ્રાણી" પ્રભાતે ફુલ ચુંટ્યાનો છે મહાદોષ' જીવતો જીવ ન મારવો જાણી' ગળીનાં વસ્ત્ર પહેરવાં નહિ, "દૂધ દેનારી તે ' માતા તેના પરીવારને 'કુટુંબ' માનવો." એવી ઘણી આજ્ઞાઓ છે, જવાબમાં જોશો.

ૐ

નારણ રામજીના જીવનની સત્ય ઘટના

મી. નારણ રામજીનો ઘણા વર્ષથી જ્ઞાતિ એ બહિષ્કાર કરેલો ત્યારથી જ્ઞાતિ અને ધર્મનો શત્રુ બની ગલીચ ભાષાએ લેખો અને ભાષણો દ્વારા હુમલા કરેજ જાય છે. તેની પાછળનું રહસ્ય તેના જીવનમાં પોસાએલી વ્યભીચારી કુટેવો ઈ.સ.૧૮૨૫માં જાણવામાં આપેલી અને તે ઘટનો ટુંકો સાર નીચે મુજબ છે.

નારણભાઈ રામજીભાઈ લીમાણી મુળ વતન કચ્છના મોટી વીરાણા કચ્છાના વતની હતા અને તે ધંધા અર્થ મુંબઈ ગયેલા તેમનું સરનામું પટેલ નારાયણજી રામજીભાઈ કોન્ટ્રાકટર કે. શેઠ ઉમરશી રાયસીના કમ્પાઉન્ડમાં,મું ઘાટકોપર,જીલ્લો, ઠાણા, જી.આઈ.સી.

તે વખતે કચ્છ કડવા પાટીદાર સમાજ સંપૂર્ણ સતપંથ સંપ્રદાયમાં માન્યતા ધરાવતો સમાજ હતો.અને તે સમાજ સતપંથ પીરાણાને માનતો હતો. અને તેના કર્મકંડ કરાવવા માટે બામણ પ્રથા નહોતી અને તે પીરાણા નિષ્કલંકી/ ધામ ના ગાદીપતી કાકાઓ છે. અને સમાજ માટે ધર્મ કાર્ય કરવા માટે મુખી પ્રથા પરંપરા ચાલે છે. તે મુખી પ્રથા પરંપરાના મુખી નારણભાઈ રામજી લીમાણી વિરાણીમાં સીખેલા અને તેને કરાંચી તથા મુંબઈ ધંધા અર્થ કચ્છ છોડી ત્યાં મુંબઈ ઘાટકોવર સ્થાઈ થયા અને પોતે પૈસા ટકે ખૂબ કમાયા અને સુખી હતા તથા મુખીપણ છે. પણ મનોરંજનના ખૂબ સોખીન તેમનો શોખ નાટકો જોવા સિનેમાઓ જોવી તથા ભવાઈ કરતા ભવાયા જોવા તે પોતે ત્યાં વારંવાર ભવાઈ આઓ રમાડતા અને તેમને સારી રકમ પણ આપી ખુશ થતા. તે સમયના તે ખૂબજ જવાન અને દેખાવડા હતા તેમને અવારનવાર ભવાઈ રમાડતા અને તેમને ત્યાં ઉતરાણ કરતા અને ભવાઈ આ ઓ જોડે ખૂબજ નજીકનો સંબંધ નાતો બંધાઓ અને આ નાતામાં આકર્ષાઈ ને ભવાઈ કરતી. લક્ષ્મીબાઈ નામની તેની ઉંમરની ચુવતી ખૂબ સૂરત હતી અને નારણભાઈ જોડે પ્રેમ સંબંધ બંધાયા અને તેનો કિસ્સો સમાજમાં ચર્ચાઓ અને ઘરમાં પણ ચર્ચાયો થતી પછી પોતે જુસ્સાવાળા વ્યક્તિત્વ ધરાવતા અને મુખી પણ હતા તેને તે પ્રેમ પ્રકરણ ચાલુ

રાખ્યું અને સમાજની દરકાર કરી નહી ત્યા પછી તે લક્ષ્મીબાઈ અને નારણભાઈનો પ્રેમ જગ જાહેર થયો અને લક્ષ્મીબાઈને તેના સમાજમાં જ્ઞાતિબાર મુકવામાં આવેલ અને તે વાત લક્ષ્મીબાઈ નારણભાઈને કરી અને પોતાની સમસ્યાઓ કહી અને નારણભાઈએ સાચો પ્રેમ હતો તેથી તેને લગ્ન ગ્રંથીથી જોડાવા પ્રયત્ન કર્યા પરંતુ પોતે સાદી સુધા હોવાથી લગ્ન કરી શકે તેમ નહોતા તેથી તેને પોતે મુખી હોવાથી નામોશીનો ડર સતાવવા લાગ્યો અને લક્ષ્મીબેનને સમજાવ્યું કે હું સતપંથી મુખી છું. તો પીરાણા અમારા ગુરૂ આર્શીવાદ લઈને આપણે જીવન સાથી બનીએ ત્યારે લક્ષ્મીબાઈ એ તે વખતે જણાવ્યું કે તમારે સતપંથ ધર્મ આટલો પવિત્ર અને નિયમોનું પાલન કરનારો છે. તો તમારા કાકા ગુરૂ તમને આપણા જીવનસાથી ની સંમતિ આપશે નહી તો લક્ષ્મીબાઈ અને નારણભાઈ વચ્ચે ટસરથઈ ને નારણભાઈ કહે મને જો મારા ગુરૂ આર્શીવાદ નહી. આપે તો હું સતપંથ ધર્મનો બહિષ્કાર કરીશ અને હું વિદ્રો કરીશ ત્યારે લક્ષ્મીબાઈને નારણભાઈના અટલ વિશ્વાસ અને જુસ્સાપર માન થતાં તે પીરાણા ગાદીપતી પાસે આર્શીવાદ લેવા આવવા સમંત થયા અને તે વખતે ગાદીપતી ગુરૂને મલ્યા અને પોતાના જીવનની લક્ષ્મીબાઈ અને નારણભાઈ પોતાના પ્રેમની વાત કરી અને એ લક્ષ્મીબાઈ અને નારણભાઈ સંસાર ભોગવે તેવા આર્શીવાદ આપવા જણાવ્યું કે હું ગાદીપતી ના હેસયતથી આવા આર્શીવાદ ના આપું કારણે સતપંથ સમાજ ગણો સંસ્કારી અને વેસનમુક્ત છે. આવા આર્શીવાદ થી સમાજમાં આવી પ્રણાલી ચાલુ થાય અને ઘણાંના ઘર વસેલા ભાગી પડે અને પોતે મુખીહોવાથી સમજુ હતા તે તેમને કાકાશ્રીએ ધર્મનો સહારો લઈ સમજાવ્યા પરંતુ નારયણભાઈ જીદ પકડી અને લક્ષ્મીબાઈ ને પ્રેમ કરતા હતા, અને શરતે બંધાયેલા હતા તેથી તે પ્રસંગ થી મુત્યુ તુલ્ય દુઃખ થયું અને ત્યારે સપત લીધા કે

આજપછી સતપંથ ધર્મનો બહિષ્કાર કરું છું. અને તેને વિરોધમાં બગાવત કરુ છું આજથી લક્ષ્મીબાઇને જીવનસાથી બનાવું છું અને ત્યાર પછી તે જીવનમાં અસ્તવસ્ત થઇ ગયા અને પછી પીરાણા નામની અરૂચી થવા લાગી અને તે પછી બીજા સાધું ઓને મલ્યા અને પીરાણા વિરુધ્ધ પ્રચાર ચાલુ કર્યા અને પોતે પૈસે ટકે સંમપન હોવાથી આત્માનંદ ગુરૂ પ્રેમાનદ ગુરૂપ્રેમાનં બ્રહ્મચારે પોતાના ગુરુ બનાવી ને ઉશ્કેરણી ભરી માહીતી આપી અને પોતે ડગાયેલા હોવાથી આત્માનંદને પૈસાની સહાય કરી અને સતપંથી મુસલમાન થયા છે. એવા જાહેર બચાનો અપાવ્યા અને તે વખતે ફેજપુરમાં મુકદમો ચલાવ્યો અને ફેજપુરમાં મુકદમાં નીચે પ્રમાણે

ડી.સ્ટ્રીક મેજીસસ્ટેટ અમદાવાદ તા.૫-૭-૧૯૬૩

બી-ડીવીઝન મેજીસ્ટેટ વર્ગ -૧ જલગામ પૂર્વ ખાનદેશ

ફોજદારી આનેદા લાહનું કીરંગે મું.ફેજપુર

તોહમતદાર આત્માનંદ ગુરૂ પ્રેમાનંદ બ્રહ્મચારી મુ. ફેજપુર

ઇન્ડીયન પીન કોડ -કલમ ૪૯૯ ની થયેલ અને આત્માનંદ બાવાને પાંચવરસની સખ્તજેલની સજા થયેલ અને ત્યારે નારણ રામજીએ પીરાણા પોલનામનું પુસ્તકબાર પાડેલ અને તેને પણ કોર્ટ પ્રતિબંધી કરે છે. આ નારણભાઇ રામજી લીંબાણીને જીવનીન કલંકીત ઘટના હતી. અને તે નારણભાઇ મુખી લક્ષ્મીબાઈ ભવાઇણી સાથે જીવન સંગાથ નિભાવતા અને તેવા સંજોમાં તેને નાત બાર મૂકવામાં આવ્યા હતા અને તેમ કરતાં કરતાં તેમનાં મોજ ૩૦ વરસ લક્ષ્મીબાઇ અને નારણભાઈના પૂરા થયા અને તેમના વિચાર ધારા ઉપર ચાલનારાઓ લક્ષ્મીબાઇ અને નારણભાઈના સમર્થનમાં લક્ષ્મી નારણ

સંપ્રદાય સ્થાપવા નું કહેલું અને તેમના માટે પૈસા ઉઘરાવવા અને નારણભાઈ ના ચીધેંલા રાહે ચાલવા પ્રચાર પ્રસાર માધ્યમ ચલાવે છે. અને તેમાં કહેવાતા કેટલાક બાવોઓ પણ જોડાયા છે. અને ગુજરાતમાં રથ આવ્યો હતો. અને સમાજમાં ભાગલા પાડવાની પ્રવૃતિ કરી છે. અને સંતો સમાજો જોડવાનું કાર્ય કરે પરંતુ ભ્રષ્ટબુધ્ધિવાળા બાઓ સમાજને તોડવાનું કાર્ય કરે છે. કારણ કે તેનો પ્રેરક દાતા પણતેવા વિચાર શ્રેણી વાળો હતો, અને તે નારયણ રામજી ના નામું પાર્ટીદાર સંદેશમાં તા.૧૦ જુન ૨૦૦૮ ના અંકમાં પાન નંબર ૧૮ તથા પાના નંબર ૨૮માં ફલિતથાય છે. અને અને તેનો પ્રકાશન કરવામાં આવ્યું તો સતપંથી ભાઈએ બીવાની જરૂર નથી કારણ કે આવા આડંબર માણસોથી ચેતવું અને આપણા ગુરૂએ બતાવેલા માર્ગે ચાલવું વધારે લખતો નથી. ઉપરની હકીકતો રેકોડ ઉપર છે. પરંતુ, રેકોડ આપનાર ભાઈઓએ તેના નામ જાહેર કરવાની ના પાડી છે, ત્યાર થી નારાયણ રામજીનો દાલખો લઈ પીરાણા જેતે વખતના ગાદીપતિઓએ સમાજને સુચન આદેશ આપેલ કે સતપંથીઓએ ભવાઈ જોવી નહી ભવાઈયા રમાડવા નહિ. નારાયણભાઈ જેવા મુખી ભવાઈયા જોવાથી વિચલીત થયા હોય તો ભોળી પ્રજાનો સો હિસાબ ત્યારથી સત્પંથીઓ ભવાઈયા રમાડતા નથી અને જોતા પણ નથી. તેના પરથી નારણભાઈ રામજીભાઈ નો લક્ષ્મીબાઈ ના પ્રેમ પ્રકરણનો આ પુરાવો છે.

એજ આપનો શુભ ચિંતક

લી. સતપંથનો સેવક

મહાન ધૂર્ત બાજની પોળ.

સામાન્ય જનોને ઠગવાનાં કાવત્રાઓ જવાબ.

સૂર્યથી અંજાઈ સૂર્યની સત્તા નહિ સમજનાર રાતના રાજાઓ રાતે કલોલ કરે છે. ઉમંગે મલકાઈ સૂર્યને શ્રાપો આપે છે. 'કદી નહિજ ઉગે' એ આશાએ બણગાં ફુંકી પોતામાં સ્વજનો ભોળવવા ટાઢી મીઠી નિંદાએ હાંસી કરે છે. સૂર્ય તેઓની કાંઈ દરકાર ન કરતાં પોતાનો કર્મ વ્યુહ સાચવ્યાજ કરે છે.

સત્પંથથી અજાણ કંટ્રોકર મી. નારણ રામજીભાઈ એક હોશીયાર લેખક અને સુધારક તરીકે સ્વજનનો માં સારૂ માન પામવા જ્ઞાતિ અને કુળમાં કલ્હે ઉપાજાવી પ્રખ્યાત થાય છે. તેઓએ ફક્ત ઈર્ષાના આક્રુશણે ઘણીજ નથઈ તકરારોના લેખો અવારનવાર એકજ વિષયના છપાયા છે. તેના જવાબો અપાઈ ગએલા, છતાં પોતાની પાપી પીજણ મૂકતા નથી. યુક્તિપ્રયુક્તિએ વાચાળ શક્તિ અજમાવવા શરળ, શુધ્ધ લેખો અને વાતાવરણને ઉલટાવી દ્વેષાગ્નિ પ્રજવલિત કરવાનાં પ્રયત્નો અજમાવ્યા કરે છે. ભોળા લોકોએ મિત્રનાં ભોગ થએ અથડાય છે પાછા છુટી ટૂટી નિરાલા થઈ જાય છે. છતાં પોતાની નીચ યુકિતયો નો છેહ આવવા દેતા નથી.

હાલમાં તેઓ એ "પ્રપંચીઓનાં પાપ" એવા હેડીંગનું એક હસ્ત પત્રથી સરળ વણનને ઉપલાવી કોમમાં દ્રેષાગ્નિ સળગાવવા ભગરીથ પ્રયત્ન કર્યો છે. તે લેખના છેવટે હમારા લેખ વતીના ઉલ્લેખે જુઠો પહાર (આક્ષેપ) કર્યો છે. પવિત્ર સત્પંથી પુણ્યશાળી અને કાકાઓને ઉતારી પાડવાની નીચ યુકિત મારા લેખની મતલબ એવી છે " ધુર્તો, દગલબાજો, કુકર્મીઓ એવા સાધુઓજેનાં હેન્ડબીલો, લેખો, ફીલમો, નાટકો થયા કરે છે. તેવાઓ સત્પંથની

નિંદા કરી, સત્પંથને શત્રુ માનનારા મહાશયોના ઘરમાં ઉતારા કરી રહે છે. તેઓની બોન દીકરીઓની લાજ ઉપર તરાપો મારે છે. તેમાં રાંડેલીઓના ગર્ભ પાત થાય છે. જેમાં કેશો ભૂજાદિ કોર્ટોમાં કરી ચાલ્યા છે. મેઘવાળ જેવી વર્ણનાં સાધુઓને ઘરમાં રાખી શિષ્ય થઈ વટલે છે. નોતીચારને ગુરૂ કરી ચરણ ધોઈ પીએ છે. તેવાઓને આધિન થઈ પોતાની લાજ ને નાણા સોંપે છે જ્યાં એવા વઠેલ ધર્મિ પોતાને ઉત્તમ ધર્મિ કહેવરાવતા હોય ! ને તેવા કુકર્મ જોયા કરે! એજ એમના ધર્મના નાશનું કારણ છે. તેઓને સત્પંથ સૂજેજ નહિ. તેઓ એ કાકાઓની શિષ્યોની નિંદા કર્યા કરે. " તેવા સાધુઓને ઉદ્દેશી મારો લેખ હતો: તેમાં 'કાકા' એવો કોઈ શબ્દ જ આવ્યો નથી. છતાં નારણજીભાઈને દ્વેષાગ્નિ અને મિથ્યા લવરીએ અંધ બનાવી હમારા નામથી લેખ લેવો ઉશકેર્યા છે. એ કુડા લેખનો કોઈએ વિશ્વાસ કરવો નહિ. મારે કોઈપણ વ્યક્તિના વિષયમાં કોઈપણ લેખની અગત્ય છે જ નહિ. મારે કોઈપણ વ્યક્તિના વિષયમાં કોઈપણ લેખની અગત્ય છે જ નહિ. એ સર્વ નારણ રામજીભાઈના ફાંફાં છે.

(નારણ રામજી અને સત્પંથને શત્રુ માનારા મહાશયોનાં લેખો સંબંધી જવાબોનો એક લેખ હમોએ લખી તૈયાર કરેલો છે. સત્પંથીયો તે છપાવરાવશે તો હમો તે મફત મેહનત કરી તેઓની સેવા કરી આપીશેં. આ લેખ ફક્ત નારણજીભાઈ ના જુઠાણાની ઉઘાડતો છે. આખા લેખનો જવાબ નથી. જવાબ અવકારો પ્રગટ કરીશું.)

હાલ એજ . તા. ૨-૪-૨૫

(બાપુ)
લી. સત્પંથનો સેવક,

ૐ

સત્પંથનાં સિધ્ધાંતો સર્વ જગતને અનુકુલ આવે એવાં છે, ફક્ત સંપનાં શત્રુઓને નહિ રૂચતા હોય ! પણ સુલેહનાં દુતો તેને પુરણ પ્રેમે

--- અપનાવી રહ્યા છે. ---

સત્પંથ વેદિક ધર્મ છે

The Times fo India. August 15th 1931 Page 13 Hindu

Maha Sabha and Satpanthis

JALGAON PETH. August 13.

The foloowing resolution as proposed by Dr. Moonje regarding satpanthis has been passed by the reeent akola session of the Hindu Maha Sabha.

"This Conference unequivocally declares that although certain customs said to the Satpanthis of Khandesh, Gujeratha and certain other parths who claim to be followers of the Vedas, are Hindus and calls upon all Hindus to treat tgem as brorhwea in ewlifion and to give thein all the special services and rights due to them as such."

Since the decision fo shai Shankaracharya declaring that the religion of the Satpanthis of khandesh was non-Vedic, a keen controversy was going on in the vernaculai press. Speaking on the Khandesh Satpanthis, declared that Satpanthi was a Vedic religion. Eventually the resolution was passed.

 ટાઈમ્સ ઓફ ઈન્ડિયા તા. ૧૫ ઓગસ્ટ. સ. ૧૯૩૧ પૃ. ૧૩

હિન્દુ મહાસભા અને સત્પંથિઓ

જગલગાંવ પેઠ તા. ૧૩ ઓગસ્ટ

મી. મુજે તરફથી સત્પંથિઓ બાબત નીચે મુજબ ઠરાવ જણાવવામાં આવ્યો હતો. અને આ હિન્દુ મહાસભાની બેઠક અકોલા તરફથી મંજુર કરવામાં આવ્યો હતો.

જો કે કેટલાક નિયમ કહેવા માત્ર હિન્દુના નથી. તેવા સત્પંથિઓમાં દાખલ થએલા કહેવાએ છે. છતાં પણ ખાનદેશ, ગુજરાત અને બીજા દેશોનાં સત્પંથિઓ જેઓ વેદના અનુપથિઓ હોવાનું કબુલ કરે છે, તે લોકો હિન્દુઓ છે, તેમ આ સભા સ્પષ્ટ શબ્દોમાં જાહેર કરે છે.

અને તે લોકો વૈદિક ધર્મના હિન્દુ ભાઈઓ છે તેમ ગણી તેમને જે હકો અને સેવાઓ પ્રાપ્ત હોય તે આપવા તમામ હિન્દુઓને ફરમાવે છે.

"ખાનદેશના સત્પથિઓનો ધર્મ અવૈદિક છે" તેવા શંકરાચાર્યના નિર્ણય પછીથી આ બાબતમાં દેશી વર્તમાન પત્રો અને સભાઓમાં મોટો ઉહાપોહ થયો હતો.

આ ઠરાવ પર બોલતા ખાનદેશ સત્પંથિઓનાં મુખી મી. તોતારામ બહુ મહાજનને જાહેર કર્યું કે, સત્પંથ વૈદિક ધર્મ છે. છેવટે સર્વાનુમતે આ ઠરાવ પસાર થયો છે. ગુજરાતી પંચ તા. ૧૬ ઓગસ્ટ સને ૧૯૩૧ પાને ૧૨/૨ હિંદુ મહાસભા અને સત્પંથીઓ એકાલામાં મળેલી હિંદુ મહાસભાની બેઠકે સત્પંથીઓને લગતો. નીચેનો ઠરાવ પણ પસાર કર્યો હતો. આ પરિબ્દ સ્પષ્ટપણે જાહેર કરે છે. કે કેટલાક આ "હિંદુ" કહેવાતા રિવાજો સત્પન્થીઓમાં ઘુસી ગયા છે. તે છતાં ખાનદેશ , ગુજરાત, અને બીજા વિભાગોના સત્પંથીઓ કે જેઓ પોતે વેદમાં માનતા હોવાનો દાવો કરે છે. તેઓ હિંદુઓને જણાવે છે. કે તેમને હિંદુ ભાઈઓ ગણીને તેમની સાથે સારી રીતે વર્તવુ અને હિંદુ તરીકેના બધા વ્યાજબી હક્કો અને મદદતેમને આપવી.

હિન્દુ અને હિન્દુ જ્યોતી

તા. ૨૦-૯-૩૧ ના અંકનું પાનું - ૯
સુરતથી નીકલતું અઠવાડીક પેપર

સતપંથ વેદો વિરૂધ્ધ નથી.

અખિલ ભારતીય હિન્દુ મહાસભાના અકોલાના કાર્યાધ્યક્ષ શ્રી ડૉ. મુંજે એ ખાનદેશના લેવા પાટીદાર જેઓ સતપથીઓ છે, તેમના સંબંધમાં નીચેનું પ્રમાણપત્ર આપ્યું છે.

હમારી પાસે રજુ કરવામાં આવેલા લેખિત પુરાવા ઉપરથી અમારો સ્પષ્ટ અભિપ્રાય એવા છે કે, ખાનદેશ ની લેવા પાટીદાર જ્ઞાતીએ સ્વીકારેલા સત્પંથ વેદ વિરૂધ્ધ નથી. માટે તેમના જ્ઞાતી બંધુઓએ તેમની સાથેનો વિરોધ હોય તો તે મુકી દઈ તેમની સાથેનો રોટી બેટીનો પુનઃ વ્યવહાર ચાલુ રાખવો જોઈએ.

ગુજરાતી પંચ તા. ૩૧ મી મે સને ૧૯૩૧ પાને ૧૦

મળેલા પત્રનો સાર.

સત્પંથ વિષે ખુલાશો.

આ પત્રના તા. ૧૦ મી. મે ૧૯૩૧ ના અંકમાં પૃષ્ટ ૩૮ ઉપર છપાયલી સત્પંથીઓને લગતી ખબર વિષે રા. ખાદી નીચેની મતલબનો ખુલાસો કરે છે.

સત્પંથિઓ ચારે વેદ (સર્વ આકાશી વાણી) ને અથર્વવેદ પ્રધાનપદ પરમ પુજ્ય વેદનિય માને છે.

વેદે વર્ણવેલ શ્રી નારાયણ દશે અવતાર, શ્રી કલ્કી અવતાર પ્રધાનપદે પુજનિય માને છે.

ઉપાસના અમૃતોત્પાદક "ઘટપાટ" દ્વારા સંધ્યા ચારે વેદાનુકુલ પવિત્ર રીતે કરે છે.

આહાર વિહાર અમાદિક પરમ સાત્વિક, વિદાનુકુલ સત્પંથિઓનો હોવાથી કોમીવાદન, ભેદ ભવાડાથી અળગા રહી સ્પર્શાસ્પર્શના સત્ય ભેદને વ્હેર કે વિખવાદ વિના પાળી રીત ઉત્તમ કોટીની પવિત્ર શ્રેણીના ઉચ્ચ અભિલાષી રહે છે.

વેદોનો સત્ય ભેદને પવિત્ર રીતે સમજી 'ધ્યે' સમયના સ્વામી શ્રી કલ્કી નારાયણને ધારી રહ્યા છે.

યુગાનુકલ વેદો અને પુરાણોએ ગાએલ, ભેદો વ્યવહારમાં રાખી સત્પંથિઓ વર્તે છે. ખરી રીતે સમયના સ્વામી, સૃષ્ટિના શાન્તીદાતાની ખોળ, ખાર વ્હેર તજાવી, કોમીવાદ કે ધાર્મિકવાદને ટાળી, સંપ ને સુલેહનો પ્રચાર આ એકજ સત્પંથ ધર્મેજ કર્યો છે.



આરોપી :- આત્માનંદ

કેસ નંબર :

ક્રીમીનલ રીવીજન એપ્લિકેશન નંબર ૧૭૫ ઓફ ૧૯૨૪

બોમ્બે હાઈકોર્ટ